# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે ચૂંટણીને ઐતિહાસિક ગણાવતાં કહ્યું કે, 64 કરોડથી વધુ લોકોએ મતદાન કરતાં વિશ્વવિક્રમ સર્જાયો છે.
- લોકસભા તથા રાજ્ય વિધાનસભાની પેટાચૂંટણીઓની 26 મતગણતરી કેન્દ્રો પર આવતીકાલે મતગણતરી... સવારે 8 વાગે શરૂ થનારી મતગણતરીમાં પહેલા પોસ્ટલ બેલેટ મતોની ગણતરી થશે.
- રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે કૃષિને થયેલા નુકસાનની સર્વેની કામગીરી પૂર્ણ.. 27 કરોડથી વધુની સહાય અસરગ્રસ્ત ખેડૂતોને ચૂકવાશે..
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજ્યના સાત મુખ્ય એસ.ટી. ડેપો ખાતે પ્લાસ્ટીકની બોટલોનું નાશ કરતું મશીન મૂકવામાં આવશે.
- રાજ્યમાં કાળઝાળ ગરમીમાંથી રાહત મળે તેવી હવામાન વિભાગની આગાહી.. સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ ઉત્તર ગુજરાતમાં વંટોળ ફૂંકાશે.. કપરાડા, સાપુતારા અને ખાંભામાં વરસાદ વરસ્યો ..વહેલા ચોમાસાની સંભાવના..

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# EC Press Conference

તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં 64.2 કરોડ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જેમાં 31 કરોડ મહિલા મતદારો હતી એમ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. ચૂંટણીને ઐતિહાસિક ગણાવતા તેમણે જણાવ્યું કે, મતદાન દરમિયાન વિશ્વવિક્રમ સર્જાયો છે. લોકશાહીનાં આ તહેવારમાં ભાગ લેનાર પ્રત્યેક વ્યક્તિનો અમે આભાર માનીએ છીએ એમ તેમણે જણાવ્યું હતું.

ચૂંટણી દરમિયાન સત્તાવાળાઓ દ્વારા લગભગ 10 હજાર કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાં 45 ટકા નશીલા દ્રવ્યોનો સમાવેશ થાય છે. 2019ની સરખામણીમાં આશરે ત્રણ ગણી જપ્તી કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, 85 વર્ષથી વધુ વયનાં અને દિવ્યાંગ મતદારો માટે પ્રથમ વાર ઘરેથી મતદાન કરવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. સ્વતંત્રતા બાદ વૃધ્ધ મતદારોની ભાગીદારીએ લોકશાહીનું સંવર્ધન કર્યું છે, જે ચૂંટણી પંચ માટે સિધ્ધિ છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, 23 દેશોનાં 75 નીરિક્ષકોએ ભારતની ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરીને રોમાંચિત થયા હતા.

# P. BHARTI- PC.

લોકસભાની ચૂંટણીની મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર આવતીકાલે સવારે 8 વાગ્યે મતગણતરી શરૂ કરવામાં આવશે. ચૂંટણીના પરિણામ results.eci.gov.in તથા Voter Helpline App પર જાણી શકાશે. વધુ માહિતી આપતા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- પી.ભારતી)**

# PAK NUKSAN SURVEY

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને કારણે થયેલ પાક નુકસાનીનો સર્વે પૂર્ણ થઈ ગયો છે. રાજ્યમાં 13 મે થી 18 મે દરમિયાન થયેલા કમોસમી વરસાદને કારણે સુરત, નર્મદા અને વલસાડ જિલ્લામાં તેમજ મધ્ય ગુજરાત ઉત્તર ગુજરાતમાં ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયું હતું.. અસરગ્રસ્ત વિસ્તારોમાં વિગતવાર સર્વે કરવાની જિલ્લા કલેકટર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સર્વે પૂર્ણ થયો છે અને તેનો વિગતવાર અહેવાલ કૃષિ વિભાગને સોંપવામાં આવ્યો છે. કૃષિ વિભાગના સર્વે પ્રમાણે રાજ્યમાં અંદાજિત 16 હજાર 177 હેક્ટર વિસ્તાર કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત થયો છે. રાજ્યના 7 જિલ્લાના 10 હજાર 943 ખેડૂતોને કમોસમી વરસાદથી નુકસાન થયું છે. અંદાજે 27 કરોડ 50 લાખથી વધુની સહાય ખેડૂતોને આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં વર્ષાયું બાગાયતી પાકોને 17 હજાર પ્રતિ હેકટર અને ભુવર્ષાયું બાગાયતી પાકોને પ્રતિ હેકટર 22 હજાર 500 રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે.

# એક અગત્યની જાહેરાત

આવતીકાલે લોકસભાની 25 અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણીની મતગણતરી હોવાથી આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા કાયમી બુલેટીન ઉપરાંત વધારાના પાંચ પાંચ મિનિટના બુલેટીન પ્રસારિત કરવામાં આવશે જેમાં સવારે નવ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી દર કલાકે 5-5 મિનીટના સમાચારો પ્રસારિત કરવામાં આવશે.

## GUJ. Environment Day

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજ્યના સાત મુખ્ય એસ.ટી. ડેપો ખાતે પ્લાસ્ટીકની બોટલોનું નાશ કરતું

મશીન મૂકવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના 10 જેટલા ધાર્મિક સ્થળો પર પ્રસાદ મૂકવા માટેની કાપડની થેલીઓનું મશીન મુકાશે.

આકાશવાણી સાથે વાત કરતાં બોર્ડના ચેરમેન આર. બી. બારડે જણાવ્યું કે, પ્લાસ્ટીક કચરાનું યોગ્ય રીતે વ્યવસ્થાપન થાય તે માટે સી.એસ. આર હેઠળ ખાનગી ભાગીદારીથી આ પહેલ હાથ ધરવામાં આવી છે. પ્લાસ્ટીક વેન્ડીંગ મશીનમાં પ્લાસ્ટીકની વપરાયેલી બોટલ નાખવા પર નાગરિકોને પાંચ રૂપિયા આપવામાં આવશે. એવી જ રીતે, બેગ વેન્ડીંગ મશીન થકી નાગરિકોને પ્રસાદ માટે રાહત દરે કપડાની બેગ મળશે.

# WEATHER

ગુજરાતમાં ચોમાસુ વહેલુ બેસે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યના લોકોને હવે ગરમીમાંથી આઁશિક રાહત પણ મળશે .. આગામી બેથી ત્રણ દિવસોમાં 25 કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે..જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ વંટોળ આવે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.. જ્યારે પ્રિમોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે રાજ્યના કેટલાંક સ્થળોએ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.. વલસાડના કપરાડા, અમરેલીના ખાંભા તેમજ ડાંગમાં સાપુતારા સહિતના વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો..

હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આજના તાપમાનના સત્તાવાર આંકડા અનુસાર રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં 42.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાઇ હતી જ્યારે ગાંધીનગરમાં 41.6 અને ડિસામાં 41.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું...

# CENTRAL MINISTRY HEALTH BETHAK

હોસ્પિટલોમાં આગની ઘટનાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને આરોગ્ય સંભાળ સંસ્થાઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આગ સામેની સલામતીના ધોરણો સંબંધિત તમામ આરોગ્ય સુવિધાઓના કડક પાલન અને સમયાંતરે આકારણીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ સાથે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને સંસ્થાઓને સ્થાનિક અગ્નિશમન વિભાગો સાથે સારું સંકલન સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવી હતી, જેથી સમયસર ફાયર સેફ્ટી એનઓસી મેળવી શકાય..

અમદાવાદ શહેરના મોલ, મલ્ટિપ્લેક્સ, હોસ્પિટલ સહિતનાં વિવિધ જાહેર સ્થળ ઉપર ફાયર એનઓસીને લગતુ બોર્ડ લગાવવાનું રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું અમદાવાદ મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર જયેશ ખડિયાએ જણાવ્યું હતું...

## (બાઇટ- જયેશ ખડિયા)

# WORLD CYCLE DAY

વિશ્વ સાયકલ દિવસની રાજ્ય સહિત દેશભરમાં આજે ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય શારિરીક તંદુરસ્તી પર્યાવરણીય જાગૃતિ અને સામાજીક ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.

દીવના ફિટ ઇન્ડિયા ગ્રુપ દ્વારા દીવથી વણાકબારા સાઇકલ ચાલવાનું આયોજન કરાયું હતું, જેમાં નાના બાળકો તેમજ યુવાનો સાથે વૃદ્ધો પણ જોડાયા હતા..

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા શહેરના 60થી વધુ સભ્યો દ્વારા શરૂ થયેલા Sunday Cycling નામના એક મોર્નિંગ સાયકલીંગ ગ્રુપે આજે શહેરના વિવિધ

માર્ગો પર સાયકલિંગ કરીને તેમાં જોડાનાર લોકોને મેડલ આપી સન્માનિત કર્યા હતા.

આ સાથે દમણ, પોરબંદર, મહેસાણા સહિત અનેક જીલ્લાઓમાં સાયકલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# NEWS IN BRIF

અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં...

❖ શક્તિપીઠ અંબાજીમાં આવેલા ગબ્બર પરિક્રમાના રૂટ ઉપર પ્રાથમિક સારવાર કેન્દ્ર શરૂ કરાયું..

❖ મહિસાગરના લુણાવાડામાં યોજાયેલા ત્રી-દિવસીય સમર કેમ્પમાં અંદાજે 55 બાળકોએ ભાગ લીધો..

❖ ભરૂચના સ્ટેશન રોડ પર આવેલી એક ઇલેકટ્રોનિકની દુકાનમાં અચાનક આગ લાગતા દુકાનમાં રહેલો સામાન બળીને ખાખ થયો...

❖ દાદરાનગર હવેલીના દૂધનીમાં આજે પ્રાકૃતિક સંવાદ 5.0નું આયોજન કરાયું, જેમાં આદિવાસી સમાજને આર્થિક રીતે કેવી રીતે આગળ લાવી શકાય તે માટે માર્ગદર્શન અપાયું..

❖ ડાંગ જીલ્લા કલેક્ટર મહેશ પટેલના અધ્યક્ષસ્થાને ફાયર સેફ્ટી અંગેની બેઠક યોજાઇ..

❖ ખેડા જિલ્લાના ડાકોર નજીક ગલતેશ્વર ખાતે મહિસાગર નદીમાં ન્હાવા પડેલા અમદાવાદના ત્રણ યુવકોના ડૂબી જતા મોત થયા..

❖ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે સહપરિવાર સોમનાથ મહાદેવના દર્શન કર્યા...